# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર આ અખબારી યાદીથી જણાવે છે કે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા ધોરણ-૧૦ ની લખાયેલ ઉત્તરવહીઓ મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્રો ખાતે પહોંચાડવા માટે મહેસાણા જિલ્લામાંથી પાલા કેન્દ્ર ખાતેથી બે શિક્ષક, બે પોલીસ ગાર્ડ અને બે ડ્રાઈવર મારફતે રવાના કરવામાં આવેલ. રાજકોટ જિલ્લાના જૂનાગઢ હાઈવે ઉપર ગોમટા ચોકડી પાસે ઉત્તરવહીઓ પડેલી મળેલ. આ ઉત્તરવહીના અંગેના સમાચારો મળતા બોર્ડ દ્વારા ધોરણ-૧૦ ના ઈન્ચાર્જ પરીક્ષા સચિવ શ્રી બી.એ.ચૌધરીને રાજકોટ રવાના કરેલ, રાજકોટ જિલ્લાના જિલ્લાશિક્ષણાધિકારી તેમજ પોલીસ વિભાગના સ્ટાફની દેખરેખ હેઠળ કામગીરી હાથ ધરેલ છે.

વધુમાં જણાવવાનું કે, આ ઉત્તરવહી ટ્રાન્સપોર્ટેશનની કામગીરીમાં અક્ષમ્ય બેદરકારી-નિષ્કાળજી દાખવનાર ઉક્ત કામગીરીમાં જોડાયેલ બન્ને શિક્ષક, બન્ને પોલીસ ગાર્ડ અને વાહનના બન્ને ડ્રાઈવરો સામે પોલીસ ફરિયાદ નોંધાવાની કામગીરી કરવામાં આવી રહી છે. તદઉપરાંત ગણેશપુરા પાલા કેન્દ્રના કેન્દ્ર સંચાલકને તાત્કાલિક અસરથી પરીક્ષાની ફરજ ઉપરથી દુર કરવામાં આવેલ છે. તેમજ તેઓ અનુદાનિત શાળાના કર્મચારી હોય તેઓની ફરજ પરની નિષ્કાળજીના અનુસંધાને જિલ્લાશિક્ષણાધિકારી મહેસાણા મારફ્તે ઉક્ત શાળાસંચાલક મંડળને ઉક્ત આચાર્યશ્રી કે જેઓ પાલા કેન્દ્રના નિયામક તરીકેની ફરજ બજાવતા હતા તેમને બોર્ડની પરીક્ષા જેવી અતિ મહત્વની કામગીરીમાં નિષ્કાળજી રાખવા બદલ તેમજ પાલા કેન્દ્ર ખાતેની કામગીરીમાં સવેતનથી અન્ય બહારનો સ્ટાફ રોકવાના બદલે તેઓ દ્વારા નાના વિદ્યાર્થીઓ મારફતે ઉક્ત કામગીરી કરાવ્યાનું ધ્યાને આવેલ છે. જે બાબત ખુબજ ગંભીર હોવાથી તેઓની સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવા તાત્કાલિક અસરથી ફરજ મોકૂફીની કાર્યવાહી કરવા જણાવવામાં આવેલ છે.

સમગ્ર પ્રકરણની તલસ્પર્શી હકીકતલક્ષી તથ્યો જાણવા માટે સરકારશ્રી દ્વારા નિમાયકશ્રી, શાળાઓની કચેરી ગાંધીનગરને તપાસ સોંપવામાં આવેલ છે. વિશેષમાં જણાવવાનું કે ઉક્ત પ્રકરણ સાથે સંકળાયેલ અસરકર્તા ધોરણ-૧૦ ના પરીક્ષાર્થીઓને અન્યાય ન થાય તેવી કાળજી બોર્ડ દ્વારા લેવામાં આવશે.

તા.૧૮/03/૨૦૨૦

(ડી. એસ. પટેલ)
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર